ભરૂચ ડી.એસ.પી.એ આમોદ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેકશન કર્યું

આમોદ વણકરવાસમાં લોકોના પ્રશ્નો સાંભળ્યા બાદ ઉકેલ લાવવાની ખાતરી આપી

ભરૂચ,તા.૨૪

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલ દ્વારા આમોદ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. આમોદની મુલાકાત દરમિયાન તેમની સાથે જંબુસર ડિવિઝનના આસીસ્ટન્ટ પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલ, સર્કલ પોલીસ ઈન્સપેક્ટર બી.પી. રજયા તેમજ આમોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.જી.કામળિયા હાજર રહ્યાં હતા. આમોદ પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષકે પોલીસને લગતાં વિવિધ પ્રશ્નો પણ સાંભળ્યા હતાં. અને તેમના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા ખાતરી આપી હતી.

આમોદ બચ્ચો કા ઘર ખાતે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલના અધ્યક્ષ સ્થાને લોક દરબાર પણ યોજાયો હતો. જેમાં સંસ્થાના કુલપતિ બસીર રાણા,આમોદ તાલુકા પંચાયત પ્રમુખ રોનક પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ ઉષાબેન પટેલ દ્વારા આવેલા પોલીસ અધિકારી મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ આમોદ પોલીસ મથકને નવો રૂમ બનાવી આપનાર કેરવાડા ગામના દાતા મદનસિંહજી માનસિંહજી રાણાનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. બચ્ચો કા ઘર ખાતે યોજાયેલા લોક દરબારમાં આમોદ નગર સહિત તાલુકાના આગેવાનો અને સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. લોકદરબારમાં લોકોએ મુક્ત મને રજુઆત કરી હતી. જેમાં આમોદ પંથકમાં બકરાં ચોરીના બનાવો, ખરાબ રોડ રસ્તાઓ, આમોદ ચાર રસ્તા ઉપર થતાં ટ્રાફિકના પ્રશ્નો, ચોરીના દુષણને દૂર કરવા આછોદ ગામમાં પોલીસ ચોકી ઉભી કરવા માંગણી તેમજ આમોદ નગરમાં સીસીટીવી કેમેરા લગાવવા રજુઆત કરી હતી. પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મોટાપાયે થતી ગાયોની હેરાફેરી અટકાવવા વગેરે પ્રશ્નો ચર્ચાયા હતાં. જેમાં જિલ્લા પોલીસ અધિક્ષકે ગાયોની હેરાફેરી કરનારા સામે સખત કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

ત્યાર બાદ આમોદના વણકરવાસ ખાતે પણ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલે તેમના અધિકારીઓ સાથે મુલાકાત લીધી હતી. અને પોલીસ પ્રશાસન દરેક સમાજ સાથે હોવાનો સધિયારો આપ્યો હતો. અને દલિત વિસ્તારના રહીશોના પ્રશ્નો સાંભળ્યા હતા.

મીડિયા સાથેની વાતચીતમાં ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલે જણાવ્યું હતું કે આમોદ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેકશન રાખવામાં આવ્યું હતું જે દર વર્ષે જિલ્લા કચેરીએથી કરવાનું હોય છે.તેમજ પોલીસની કામગીરીનું અલગ અલગ મૂલ્યાંકન, બીટ, આઉટ પોસ્ટની ઓફિસની કામગીરી અને ફિલ્ડની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમજ લોક દરબાર અને અલગ અલગ વિસ્તારની મુલાકાત પણ કરવામાં આવી હતી.

બચ્ચો કા ઘર ખાતે છોકરીઓના અભ્યાસ ખંડની મુલાકાત લીધી

આમોદ ખાતે વાર્ષિક ઈન્સ્પેકશનમાં આવેલા જિલ્લા પોલીસ અધિક્ષકે બચ્ચો કા ઘરમાં યોજાયેલા લોક દરબારનો કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ બચ્ચો કા ઘરમાં અભ્યાસ કરતી છોકરીઓના અભ્યાસખંડની પણ મુલાકાત કરી હતી. અને તેમને કોઈ સમસ્યા હોય તો નિઃશંક પણે કહેવા જણાવ્યું હતું.તેમજ કેટલી છોકરીઓ અભ્યાસ કરે છે અને ક્યાંથી અભ્યાસ કરવા આવે છે તે વિશે જાણકારી લીધી હતી.

હાઈવે પર ખાડાઓથી પરેશાન જિલ્લા પોલીસ વડા પણ પરેશાન

આમોદ ખાતે બચ્ચો કા ઘરમાં યોજાયેલા લોકદરબારના કાર્યક્રમમાં રસ્તા બાબતે રજુઆત થતાં ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલ પણ પરેશાન હોવાનો સ્વીકાર કર્યો હતો.જેઓ પોતે પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપરના મસમોટા ખાડાઓથી પરેશાન બન્યા હોવાનું જણાવ્યું હતું.

તંત્રની ભ્રષ્ટ નીતિના કારણે ભરૂચ જિલ્લામાં અનાજચોરો ફાટીને ધુમાડે ગયા

માંચ ગામમાંથી પાલેજ તરફ વાહનમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો ઝડપાયો

ભરૂચ,તા.૨૪

ભરૂચ જિલ્લામાં અનાજ માફિયાઓને સાંખી લેવામાં નહીં આવે તેવા જિલ્લા કલેક્ટરના દ્રઢ નિર્ધાર છતાં અનાજ ચોરીનો વેપલો બેરોકટોક ચાલી રહ્યો છે. માત્ર નિર્ધાર કરવાથી કંઈ નથી થતુ પુરવઠા વિભાગના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ તપાસમાં પુરાવા એકત્ર કરવાના બદલે ડ્રાઈવર કે દુકાનદાર પર દોષનો ટોપલો નાંખી દઈ અને આખે આખા નિવેદનો બદલાવી મોટા માથાઓનો બચાવ કરી લેવામાં સફળ નીવડે છે. પાલેજના મુખ્ય બજારમાં અનાજ કરીયાણાની દુકાન ધરાવતા મંગા અને લાલા એમ બે ભાઈ છેલ્લા કેટલાય સમયથી સરકારી અનાજ સગેવગે કરી રહ્યા છે. માંચ ગામમાંથી સરકારી બારદાનમાંથી સફેદ બારદાનમાં પલટી મારી સરકારી ચોખા પાલેજ મંગાની દુકાને જવાની હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પલટી મારે સરકારી ચોખાના ૬૦ કટ્ટા ભરી પીક અપ વાન જીજે.૧૬. એવી.૭૧૬૮ માંચ ગામની બહાર નીકળતા હાઈવે પર માંચ પાટીયા પાસે તેની રોકી દેવાઈ હતી. ડ્રાઈવર પાસે બિલ્ટી કે બિલ ન હોવાથી પીક અપ ગાડીને સીધી કલેકટર ઓફીસ પર લાવી જિલ્લા કલેક્ટરને આ બાબતની જાણ કરાઈ હતી. જિલ્લા કલેક્ટરની સુચનાથી મોડી રાત્રે મામલતદાર ઓફીસ ખોલવામાં આવી હતી અને ડ્રાઈવરના નિવેદન લઈ મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. હવે જોવું રહ્યુ કે દર વખતની જેમ ડ્રાઈવરનું નિવેદન બદલાવી મુખ્ય સુત્રધારને બચાવવામાં આવે છે કે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. અનાજ ચોરોને કોનો ઓથો મળી રહ્યો છે અને આ ચોરાયેલું અનાજ કોની પાસે જાય છે તેની તપાસ થાય તો સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે.

રેગ્યુલર બસ ફાળવી આપો અમારું ભણતર બગડે છેઃ વિદ્યાર્થીઓની રજુઆત

બસના ધાંધિયા મુદ્દે વિદ્યાર્થીઓનું રાજપીપળા બસ ડેપો નજીક રસ્તા અને બસ રોકો આંદોલન

રાજપીપળા,તા.૨૪

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં એસ.ટી બસના ધાંધિયા વચ્ચે શાળા કોલેજમાં ભણતા ૧૦ ગામના વિદ્યાર્થીઓ અને યુથ કોંગ્રેસે આંદોલન કરવાનો વારો આવ્યો હતો.જો કે ડેપો મેનેજર અને પોલીસની દરમિયાન ગીરીથી આંદોલન સમેટાયું હતું.જો કે વિદ્યાર્થીઓએ એવી માંગ કરી હતી કે અમને રેગ્યુલર બસ ફાળવી આપો અમારું ભણતર બગડે છે.અભ્યાસ માટે જો વિદ્યાર્થીઓએ આંદોલન કરવું પડે ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આવી રીતે ભણશે ગુજરાત??

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રીંગણી, નાના હૈડવા, મોટા હૈડવા, નવાગામ, રામપરા, માંગરોલ ગામના વિદ્યાર્થીઓએ અનિયમિત બસોના વિરોધમાં નર્મદા જિલ્લા યુથ કોંગ્રેસને સાથે રાખી રાજપીપળા બસ ડેપો નજીક રસ્તા રોકો અને બસ રોકો આંદોલન કર્યું હતું, એમણે ડેપો મેનેજર હાય હાય અને મેનેજર તેરી તાનાશાહી નહિ ચલેગી એવા નારા લગાવી હોબાળો મચાવ્યો હતો. એમણે આક્ષેપ લગાવ્યો હતો કે ૭ ગામ વચ્ચે ફકત ૧ જ એસટી બસ છે અને એ પણ મીની બસ છે.રેગ્યુલર બસ ન હોવાથી અમારું ભણતર બગડે છે.અમારે વિરપોર ચોકડીથી શાળાએ જવા બસમાં બેસવા માટે ૫-૬ કીમી ચાલીને જવું પડે છે.અમે શાળાએ સમય કરતાં મોડા પહોચીએ છીએ જેથી અમારું શિક્ષણ બગડે છે. નર્મદા જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ અજય વસાવાએ જણાવ્યું હતું કે અગાઉ ડુંગર વિસ્તારનાં વિદ્યાર્થીઓએ પણ બસ માટે આંદોલન કરવું પડ્યું હતું.સરકાર માત્ર કાગળ પર વિકાસ કરે છે, હર ઘર તિરંગા અભિયાન સારું જ છે પણ સરકાર હર ઘર બસ, હર ઘર શિક્ષણ, હર ઘર રોજગારી આપે.૨૭ વર્ષમા સરકારનું તંત્ર નિષ્ફળ નિવડયું છે.આદીવાસી વિદ્યાર્થીઓ અશિક્ષિત રહે અને રોજગાર ન મેળવે તથા મજૂરી જ કરે એવા આ સરકારના પ્રયાસો છે.અગાઉ અહીંયાના સત્તાધારી નેતાઓ, ડેપો મેનેજરને બસો નિયમિત કરવા સ્થાનિકોએ રજુઆત કરી હતી પણ એનું કોઈ પરિણામ આવ્યું નથી.સરકાર ટેક્ષ લે છે તો જનતાને યોગ્ય સુવિધાઓ પણ આપવી જ જોઈએ.

ભારતીય ઉદ્યોગો દ્વારા નિકાસમાં વધારો કરી

ભારતને સમૃદ્ધ બનાવવા સાવલી GIDC ખાતે સેમિનાર યોજાયો

વડોદરા,તા.૨૪

કોઈપણ દેશને આર્થિક રીતે સમૃદ્ધ બનવવામાં તેના ઉદ્યોગોનો મોટો ફાળો રહ્યો છે. સૌ આ વર્ષે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છે. આઝાદીના આ અમૃત મહોત્સવની ઉજવણી માત્ર એક કાર્યક્રમ ના બની રહે અને એના મારફતે ભારતનો અને ભારતમાં ચાલતા ઉદ્યોગોનો પણ વિકાસ થાય એ હેતુથી સાવલી જીઆઈડીસીના અધ્યક્ષ જે.કે. શર્મા દ્વારા ઉદ્યોગો અને નિકાસ વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદના મુખ્ય વક્તા તરીકે કોઝ ક્લબના ડાયરેકટર શ્રીમતી ચિંતન બીનીવાલે ઉપસ્થિત રહ્યા હતા. કોઝ્ ક્લબની ઓફીસ અમેરિકાના ટેકસાસમાં અને વડોદરા શહેરમાં આવેલ નટુભાઈ સર્કલ પાસે છે અને તેઓ ઉદ્યોગો દ્વારા નિકાસ અંગે જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે. ચિંતનજીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સાવલી જીઆઈડીસીના વિવિધ ઉદ્યોગોના મેનેજિંગ ડારેકટર સાથે નિકાસ અંગે વાત કરી હતી. આગામી ૨૫ વર્ષમાં ભારત નિકાસ ક્ષેત્રે હરણફાળ કઈ રીતે ભરી શકશે તેમજ નિકાસમાં વધારો કરવા માટે કઈ બાબતો પર ધ્યાન આપવું, નિકાસ અંગેના નિયમો અને સપ્લાય ચેઈન અંગે માહિતી આપી હતી.

પરિસંવાદના હેતુ અંગે વાત કરતા જે.કે. શર્માએ જણાવ્યું હતું કે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી ૦ રહ્યા છે આજે ભારત દેશ દરેક ક્ષેત્રે આગળ વધ્યો છે જો આપણે વિદેશ નિકાસ ક્ષેત્રે આગળ વધીશું તો ભારતમાં ડોલરની આવક વધશે જેથી રેવન્યુ પણ વધશે. અને આપણાં દેશનો આર્થિક વિકાસ થશે. સાવલી જીઆઈડીસીમાં ઘણા ઉદ્યોગો છે જે નિકાસ કરે છે ઘણા નથી કરતા તેથી આ સેમિનારનું આયોજન કર્યું હતું. આ સેમિનારમાં સાવલી જીઆઈડીસીના સેક્રેટરી ભરત પટેલ અને ટ્રેઝરર જૈમિન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સાવલી જીઆઈડીસીમાં ૪૫૦ જેટલા યુનિટ છે અને આ પરિસંવાદમાં મોટી સંખ્યામાં ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો.

અંકલેશ્વર માંથી ચોરીના મોબાઈલ ફોન સાથે ત્રણ રીઢા ચોર ઝડપાયા

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતેની લાલ કોલોનીમાં થોડા દિવસ અગાઉ મોબાઈલ ચોરીની ઘટના બની હતી, એલસીબી પોલીસે મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલા સુનિલ પરબતભાઈ નાયક રહે કોંઢ,તાલુકો વાલિયા, મૂળ રહેવાશી લાલા કોલોની, કોસમડી ગામ, અંકલેશ્વર, જય ઉર્ફે જયકાંત સુભાષ સલાટ રહેવાસી કોંઢ ગામ,તાલુકો વાલિયા, તેમજ વસીમ અહેમદ અંજાર અહેમદ સૈયદ રહેવાશી શ્યામનગર,પીરામણ ગામ, અંકલેશ્વરના ઓ ની ધરપકડ કરી હતી, અને તેમની પાસેથી કુલ ૧૮ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૯૮,૯૯૯ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો,

Franklin Templeton Mutual Fund

Cordially invites you for a program under it's
Investor Education and Awareness Initiative.

Venue :
Hotel Tara Suns,
GERI Road, Gotri, Vadodara

Date: 27th August, 2022
Time: 6.30 p.m.

Contact Person: Manish Panjani (9898073104)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.

All Covid protocols will be followed.

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

ગેંડા સર્કલથી મનિષા ચોકડી સુધી ફલાય ઓવર બ્રીજની કામગીરી પ્રગતિ હેઠળ છે. બ્રીજની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાના આયોજનનાં ભાગરૂપે બ્રીજના બાકી રહેલ એક માત્ર મલ્હાર જંકશન ખાતે બ્રીજના અપ–એન્ડ ડાઉનના મુખ્ય બ્રીજની બન્ને તરફના ૪૦.૦૦ મી.ના સ્પાનની કામગીરી તા:– ૨૬–૮–૨૨ ના રોજથી શરૂ કરવી જરૂરીયાત હોઇ આયોજન હાથ ધરવામા આવેલ છે.જેથી બ્રીજની કામગીરી ઝડપથી શરૂ શકાય તેમજ કામગીરી દરમિયાન ટ્રાફિકની સલામતી જળવાઈ રહે તે હેતુથી મલ્હાર જંકશન ટ્રાફિકની અવરજવર માટે તા:– ૨૬–૦૮–૨૦૨૨ થી તા:–૨૦–૦૯–૨૦૨૨ સુધી બંધ કરી તેના વિકલ્પે જાહેર જનતાને બી.પી.સી રોડ (ઊર્મિ તરફ) તરફથી લાયન્સ ક્લબ હોલ તરફ જવા માટે વી.જી.એલ ઓફિસથી રોક સ્ટાર થઇને જઈ શકશે તેમજ લાયન્સ ક્લબ હોલ તરફથી બી.પી.સી (ઊર્મિ તરફ) રોડ તરફ જવા માટે ચકલી સર્કલ થઈને જઈ શકશે.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૫૦૮/૨૦૨૨–૨૩ **કાર્યપાલક ઇજનેર (બ્રીજ પ્રોજેકટ)**

ભરૂચ હાઈ-વે પર શીતલ હોટલ પાસે ટ્રકમાંથી રૂ.૫૭ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભરૂચ,તા.૨૪

ગુજરાતમાં દારૂના દુષણ દૂર કરવા પોલીસ હવાતિયાં મારી રહી છે બીજી તરફ બેખોફ બની બુટલેગરો ટ્રક ભરી ગેરકાયદેસર દારૂ એક સ્થળેથી અન્ય સ્થળ લઈ જતા હોય છે.

ભરૂચ એલ.સી.બી ના પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે અને જીલ્લામાં ગેરકાયદેસર રીતે દારૂ /જુગાર ની પ્રવૃત્તિ કરતા બુટલેગરો ઉપર સતત વોચ રાખવામાં આવેલ. દરમ્યાન તા ૨૩/૦૮/૨૦૨૨ ના રોજ ભરૂચ એલ.સી.બી પોલીસ ઈન્સપેક્ટર ઉત્સવ બારોટને હ્યુમન ઈન્ટેલીજન્સથી બાતમી હકિકત મળેલ કે "ટાટા કંપનીનુ ટ્રક જે બોડી લાલ કલરની જેનો રજી.નંબર એમ.એચ..૧૨. એલ.ટી.૭૪૪૩ માં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરી સુરત તરફથી વડોદરા તરફ જવાની છે. જે બાતમી હકિકત આધારે પોલીસ ઈન્સપેક્ટર ઉત્સવ બારોટ નાઓના માર્ગદર્શન હેઠળ તાત્કાલીક ભરૂચ એલ.સી.બી ટીમને જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ. તે મુજબ ભરૂચ એલ.સી.બી એક ટીમ ભરૂચ થી વડોદરા તરફ જતા ને.હા.નં ૪૮ ઉપરથી શીતલ હોટલ પાસે આયોજન મુજબ વોચ તપાસમાં રહી બાતમી હકિકત વાળી ટ્રક આવતા ટ્રાફીક કરી રોકી હતી. જે ટ્રકમાં લાકડાના પ્લાયનુ બોક્ષ બનાવેલ હોય જે ખોલી ચેક કરતા ખાખી પુઠ્ઠાના બોક્ષ નંગ – ૧૧૯૮ માં વિદેશી દારૂ નંગ બોટલ નંગ- ૫૭૫૦૪ કિ રૂ ૫૭, ૫૦, ૪૦૦/- નો પ્રોહીમુદ્દામાલ જથ્થા સાથે બે આરોપી ઝડપાયા હતા. અનીશખાન મજરખાન ઉ.વ ૩૮ રહે ૨ રાનીપેલેસ ધારરોડ ગીતાનગર,ઈન્દોર અને ખિજરખાં સાદીકખાં જાતે ખાન ઉ.વ ૧૯ રહે બાલસમદ તા કસરાવાદ, જી ખરગોનને ઝડપી પાડી તથા અન્ય બે આરોપી આરીફખાન રહેમાનખાન રહે તકીયા મહોલ્લા બાલસમદ તા કસરાવાદ થાના કસરાવાદ, જી ખરગોન અને મહેશભાઈ ભુરાલાલ તન્ના ઉર્ફે મહેશ ઠક્કર રહે વડોદરા ઓને વોન્ટેડ જાહેર કરી નબીપુર પો. સ્ટેમાં ગુનો રજીસ્ટ્ર કરવામા આવ્યો છે.

ટાટા સન્સે એર એશિયાની રૂ. ૨૬૦૦ કરોડની ખોટ રાઈટ-ઓફ કરવી પડશે

મુંબઈ, તા.૨૪

ટાટા સન્સે એરલાઈન્સ કંપની એરએશિયા ઈન્ડિયા માટે તેની કુલ રૂ. ૨,૬૦૦ કરોડની ખોટને રાઈટ ઓફ કે તેની જોગવાઈ કરવી પડી શકે છે. ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયા કંપનીએ એરએશિયા ઈન્ડિયા ઈક્વિટી શેર કેપિટલને ખરીદી લીધા છે. કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાએ જૂનમાં જ એરઈન્ડિયાને એરએશિયાના શેર કેપિટલ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. એરએશિયા ઈન્ડિયામાં ટાટા સન્સનો ૮૩.૬૭ ટકા હિસ્સો છે. બાકીનો ૧૬.૩૩ ટકા હિસ્સો મલેશિયાના એરએશિયા ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ પાસે છે.

જાહેર નોટીસ આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ નાગરવાડા, તા. જી. વડોદરા સીમના રેવેન્યુ સર્વે નં. ૧૯૬ પૈકી, ૧૯૭/૧ પૈકી અને ૧૯૭/૨ પૈકીવાળી જમીન જેનો ટી.પી. સ્કીમ નં. ૯, ફાયનલ પ્લોટ નં. ૧૫૨ અને ૪૨૪, ઓ.પી.નં. ૧૩૧/અ, વાળી જમીનમાં આવેલ અજીતનાથ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., ના બ્લોક નં. ૨, પ્લોટનું ક્ષેત્રફળ ૧૦૫૦.૦૦ ચો.ફુટ છે જેમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોરનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૯૦૦.૦૦ ચો.ફુટ છે. તે બ્લોક નં. ૨ વાળી મિલકતના માલીક દિવ્યકાન્ત હિમંતલાલ દેસાઈ પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરી સદર મિલકત અંગે અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે જેથી સદરહુ મિલકત બાબતે કોઈપણ વ્યકિત, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હીત, અધીકાર, બોજો, અલાખો હોય તો તેઓએ તેમના લેખિત દસ્તાવેજી પુરાવાસહીતના વાંધા અમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મોકલી આપવા. જો આ નોટીસની સમયમર્યાદા કોઈપણ વાંધા નહી આવે તો અમારા અસીલને સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાશથી
પ્રકાશ જે. પરીખ (એડવોકેટ)
૧૧૫, પહેલો માળ, મહાવીર કોમ્પ્લેક્ષ, લીમડાપોળ, રાવપુરા, વડોદરા. મો. ૯૪૨૬૩૦૨૪૩૬

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિવિધ એન્જીનીયરીંગ કાર્યો

ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-બીઆરસી 063 થી 064, 2022-23

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે ટેન્ડરો આમંત્રિત કરે છે. **અનું. નં.1: ટેન્ડર નં. ડીઆરએમ બીઆરસી 063, 2022-23, કામનું નામઃ** બહેરીયા રોડ :- વડોદરા (BRC) - ગોધરા (GDA) સેક્શનમાં બદલી ખાતા પર છોડી દેવાયેલા ક્વાટર્સને બદલે 12 યુનિટ ટાઈપ- II સ્ટાફ ક્વોર્ટર્સની જોગવાઈ. **કામનું અંદાજીત ખર્ચ (₹ માં):** 2,15,46,880.84, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ (₹ માં):** 2,57,700.00, **અનું. નં.2: ટેન્ડર નં. ડીઆરએમ બીઆરસી 064, 2022-23, કામનું નામઃ** વડોદરા-ગેરતપુર (BRC-GER) સેક્શનના : DEN N BRC ના અધિકારક્ષેત્ર હેઠળ નવી દિલ્હી-મુંબઈ રૂટ પર 160 કિ.મી. પ્રતિ કલાક ઝડપમાં વૃદ્ધિના સંબંધમાં Geo સેલનો ઉપયોગ કરીને ટ્રાંઝીશન સિસ્ટમ નાખવી અને મુખ્ય બ્રિજોના માર્ગ પર બ્લેન્કેટીંગ સામગ્રી અને અન્ય જોડાયેલ કાર્યો. (પુનઃઆમંત્રિત) (R-2) **કામનું અંદાજીત ખર્ચ (₹ માં):** 1,86,36,081.74. **જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ (₹ માં):** 2,43,200.00. **બધા ટેન્ડર માટે : ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.12-09-2022** ના 15:00 કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ **@ www.ireps.gov.in** ડિવીઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-107

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

ઈન્ટિગ્રા સ્વીચગીયર લિમીટેડ

રજી. ઓફીસ ૧૦૨, ધરોંડા એપ્ટસ, ઈન્દીરા માર્ગ નવાપુરા વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૦
Email- integra.pankajvora@gmail.com, Website-www.integraindia.com
CIN:- L29130GJ1992PLC018684 Tel+9824255488

નોટીસ

કંપનીના શેરધારકોનું ધ્યાન દોરવા આથી સુચના આપવામાં આવે છે કોપોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા ૫મી મે,૨૦૨૨ના સામાન્ય પરિપત્ર અને સેબીના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 ધ્વારા તા. ૧૩ મે ૨૦૨૨ ના અગાઉના SEBI પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૧ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા જારી કરાયેલા અગાઉના પરિપત્રો તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ સાથે વાંચો, MCA અને SEBI એ વીડીઓ કોન્ફરન્સીગ (VC) અથવા અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (OVAM) દ્વારા વાર્ષિક સામાન્ય સભા યોજવાની જરૂરીયાતને આગળ વધારી છે, જેમાં બોર્ડ રીપોર્ટસ, ઓડીટર રીપોર્ટ અથવા નોટીસ સાથે જોડવાના જરૂરી અને અન્ય દસ્તાવેજો સહીત નાણાંકીય નિવેદનો મોકલવામાં આવ્યા છે. સભ્યો ને વાર્ષિક સામાન્ય સભાની માત્ર કંપની સાથે નોધાયેલા ઈમેલ ધ્વારા અને સભ્યોને વાર્ષિક અહેવાલની હાર્ડ કોપી આપવાની જરૂરીયાતને હળવી કરી. અમે કંપનીના શેરધારકોને integra.rehana@gmail.com / integra.pankajvora@gmail.com અને / અથવા કંપની રજીસ્ટાર અને ટ્રાન્સફર એજન્ટ ADROIT CORPORATE SERVICES PRIVATE LIMITED પર ઈમેલ મોકલીને તેમનું ઈમેલ સરનામુ, PAN / બેંક વિગતો કંપની સાથે રજીસ્ટર કરવા વિનંતી કરીએ છીએ. info@adroitcorporate.com લિમિટેડ જાહેર જાહેરાત કંપનીની વેબસાઈટ www.integraindia.com. પર પણ ઉપલબ્ધ છે.

સ્થળ : વડોદરા **ઈન્ટિગ્રા સ્વીચગીયર લિમીટેડ**
તા. : ૨૩-૦૮-૨૦૨૨ **રેહાનાબીબી કુડાલકર કંપની સેક્રેટરી**

બેંક ઓફ બરોડા Bank of Baroda
રીજનલ તણાવ ગ્રસ્ત આસ્તિ વસુલાત શાખા, વડોદરા શહેર રીજન, ૪ થો માળ, સુરજ પ્લાઝા – III, સયાજીગંજ, વડોદરા – ૩૯૦૦૦૫, ગુજરાત.

મિલકતના કબજાને લગતી સુચના (અચલ મિલકત)

નીચે સહી કરનાર સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ –૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીની રૂઇએ નીચે જણાવેલ બાકી કરજદાર /જામીનદાર/મોર્ટગેજર **મેસર્સ ગનમ કોન્ફાફટ પ્રા. લિમીટેડ/શ્રી ગોવાભાઈ ડી.વારોતરીચા / શ્રીમતી મંજુલાબેન ગોવાભાઈ વારોતરીચા** ને ડીમાન્ડ નોટીસ **તા.૦૨.૦૪.૨૦૧૮** ના પાઠવીને નોટીસ માં બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા. ૪૫,૩૭,૪૧૧.૫૦ (રૂા. પીસ્તાલીસ લાખ સાડત્રીસ હજાર ચારસો અગીયાર અને પચાસ પૌસા પુરા) તા. ૩૧.૦૩.૨૦૧૮** ના રોજ સાથે વધુ વ્યાજ અને ખર્ચ નોટીસ/તારીખ મળ્યા તારીખથી ૬૦ દિવસની મુદતમાં પરત કરવા જણાવ્યુ હતું.

કરજદાર /જામીનદાર/મોર્ટગેજર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર /જામીનદાર/મોર્ટગેજર અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા કોષ્ટકમાં દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ ૮ ને સબંધીત કલમ ૧૩(૪) ની સાથે વટહુકમ એક્ટ વાંચતા પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર **પ્રત્યેક્ષ કબજો તા. ૨૩.૦૮.૨૦૨૨** ના રોજ લીધો છે.

બાકી કરજદાર /જામીનદાર/મોર્ટગેજર તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઇપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડા** ની લેણી રકમ **રૂા. ૪૫,૩૭,૪૧૧.૫૦ (રૂા. પીસ્તાલીસ લાખ સાડત્રીસ હજાર ચારસો અગીયાર અને પચાસ પૌસા પુરા) તા. ૩૧.૦૩.૨૦૧૮** ના રોજ અને વ્યાજ વત્તા તેના પર ના અન્ય ચાર્જીસ.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેક્શન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

અચલ સંપતી નું વર્ણન

૧. સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા કોર્મશીયલ મિલકત દુકાન નં. એફએફ–૧૪, રુદ્રાક્ષ કોમ્પ્લેક્ષ, ગોત્રી જકાતનાકા પાસે, ગોત્રી સેવાસી રોડ, આર.એસ. નં. ૪૭/૫, ટી.પી. સ્કીમ નં. ૬૦, એફ.પી. નં. ૪૦/૧ અને ૪૦/૨, પૈકી, રજીસ્ટ્રેશન જીલ્લો અને જીલ્લો વડોદરા જે ગોવાભાઈ ડિ. વારોતરીચા ના નામે છે.

૨. સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા કોર્મશીયલ મિલકત દુકાન નં. એફએફ–૧૪, રુદ્રાક્ષ કોમ્પ્લેક્ષ, ગોત્રી જકાતનાકા પાસે, ગોત્રી સેવાસી રોડ, આર.એસ. નં. ૪૭/૫, ટી.પી. સ્કીમ નં. ૬૦, એફ.પી. નં. ૪૦/૧ અને ૪૦/૨, પૈકી, રજીસ્ટ્રેશન જીલ્લો અને જીલ્લો વડોદરા જે ગોવાભાઈ ડિ. વારોતરીચા ના નામે છે.

તા.: ૨૩.૦૮.૨૦૨૨ અધિકૃત અધિકારી
સ્થળ: વડોદરા બેંક ઓફ બરોડા

બેંક ઓફ બરોડા Bank of Baroda
છાણી શાખા,
પોસ્ટ ઓફિસ પાસે, છાણી, જીલ્લોઃ વડોદરા–૩૯૧૭૪૦. ફોનઃ ૦૨૬૫–૨૭૭૨૪૯૦
ઈમેલઃ chhani@bankofbaroda.com

મિલકતના કબજાને લગતી સુચના (સ્થાવર અને જંગમ મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા, છાણી શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(૫૪ ઓફ ૨૦૦૨) હેઠળ તે કલમ ૧૩(૧૨) ના નિયમ ૩ ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના અંતર્ગત નીચે દર્શાવેલ તારીખે કરજદારો/જામીનદારો/ ગીરોકર્તા ને ડિમાન્ડ નોટીસ જારી કરેલ હતી જેમાં નોટીસમાં જણાવેલ રકમ સદર નોટીસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસોમાં ચૂકવવા જણાવવામાં આવ્યુ હતું.

કરજદારો/જામીનદારો/ ગીરોકર્તા આ રકમ ચૂકવવામાં અસફળ રહેલ છે, આથી કરજદારો/જામીનદારો/ ગીરોકતા અને જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા કોષ્ટકમાં દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ નં. ૮ ને સબંધીત કલમ ૧૩ની પેટા કલમ (૪) ની સાથે વટહુકમ એક્ટ વાંચતા પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર રૂએ નીચે આપેલ ખાતા અને રકમની સામે દર્શાવેલ તારીખે કબજો લઇ લીધેલ છે.

કરજદારો/જામીનદારો/ ગીરોકર્તા અને જાહેર જનતાને સામાન્ય રીતે અહીંથી ચેતવણી આપવાની કે નીચે દર્શાવેલ મિલકતો અંગે કોઇ વ્યવહાર કરવો નહીં અને મિલકતો અંગે કોઇપણ વ્યવહાર **બેંક ઓફ બરોડા, છાણી શાખા** ની નીચે દર્શાવેલ બાકી રકમ અને ચડત વ્યાજ તથા ખર્ચા સાથે પૂરેપુરી રકમ ન ચૂકવાય ત્યાં સુધી બોજાને આધીન રહેશે.

ગીરવે રાખેલ અસ્કયામતો આપેલા સમયમાં છોડાવવા અંગે કરજદારોનું કાયદાના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૮) ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

અ. નં.	કરજદારો/જામીનદારો/ ગીરોદારો નું નામ અને શાખા	ડીમાન્ડ નોટીસ ની તારીખ અને બાકી રકમ	મિલકતોની વિગતો	પઝેશન ની તારીખ
૧.	કરજદાર/જામીનદાર/ મોર્ટગેજર શ્રીમતી મોહિનીબેન સંજીવભાઇ ગોખલે	ડીમાન્ડ નોટીસ તાઃ ૦૪.૦૬.૨૦૨૨ રૂા. ૨૮,૫૩,૧૭૨.૩૩ (તા. ૩૦.૦૪.૨૦૨૨ થી વ્યાજ સાથે) +વ્યાજ + તેના પરના અન્ય ચાર્જીસ	મિલકત જે પ્રોજેક્ટ/સ્કીમ તરીકે જાણીતી જીલ્લા–વડોદરા, સબ–જીલ્લો–વડોદરા, મોજે– રાવપુરા સીટી, વિભાગ–બી, ટીક્કા નં. ૨૨/૧, સી.એસ. નં. ૩૯ પૈકી વિકસીત ક્રિષ્ણા એપાર્ટમેન્ટ તે શાસ્ત્રી પોળ, રાવપુરા, વડોદરા ખાતે આવેલ પૈકી ફલયચ નં. ૨૦૧, ૨જો માળે, ક્ષેત્રફળ ૬૯.૭૦ ચોરસ મીટર બાંધકામ અને અવિભાજીત જમીન ૨૩.૩૩ ચોરસ મીટર. ચતુઃસીમા પૂર્વઃ દાદર અને ઓ.ટી.એસ, પશ્ચિમઃ કોપોરેશન રોડ, ઉત્તરઃ લાગુ સીટી સર્વે નં, દક્ષિણઃ લાગુ સીટી સર્વે નં.	૨૨.૦૮.૨૦૨૨ સાંકેતીક પઝેશન
૨.	કરજદાર/જામીનદાર/ મોર્ટગેજર શ્રી પ્રશાંત પ્રવિણચંદ્ર બારેજિયા અને શ્રીમતી હિતિષા પ્રશાંત બારેજિયા	ડીમાન્ડ નોટીસ તાઃ ૦૪.૦૬.૨૦૨૨ રૂા. ૧૮,૯૯,૭૨૭.૩૬ (તા. ૦૪.૦૫.૨૦૨૨ થી વ્યાજ સાથે) +વ્યાજ + તેના પરના અન્ય ચાર્જીસ	મિલકત જે પ્રોજેક્ટ/સ્કીમ તરીકે જાણીતી ફલેટ નં. ૩૦૨, ૩જા માળે ક્ષેત્રફળ ૬૫ ચોરસ મીટર, સુપર બિલ્ટ–અપ એરીયા અને ખુલ્લી જગ્યા ક્ષેત્રફળ ૫૫ ચોરસ મીટર જય ગોપાલ એવન્યુ ની જમીન પર ઓગેનોઝીડ અને બાંધકામનો રેવન્યુ સર્વે નં. ૪૨૪/૩ પૈકી, ટી.પી. નં. ૧૯, એફ.પી. નં. ૨૫૪ પૈકી પ્લોટ નં. એ/૨૭૧ ક્ષેત્રફળ ૧૯૭.૦૪ ચોરસ મીટર મોજે –માંજલપુર, રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો વડોદરા. ચર્તુસીમાઃ પૂર્વઃ ખુલ્લુ આકાશ, પશ્ચિમઃ ખુલ્લુ આકાશ, ઉત્તરઃ ખુલ્લુ આકાશ, દક્ષિણઃ ફલેટ નં. ૩૦૧.	૨૨.૦૮.૨૦૨૨ સાંકેતીક પઝેશન

તારીખઃ ૨૨.૦૮.૨૦૨૨
સ્થળઃ છાણી (વડોદરા)

નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી– બેંક ઓફ બરોડા, છાણી શાખા